ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતના અર્થકારણમા કૃષિક્ષેત્રના વલણોનો અભ્યાસ

આરતી જમનભાઇ શીશાંગીયા
પીએચડી સોધાર્થી (અર્થશાસ્ત્ર વિભાગ)
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી , જુનાગઢ.

.

સારાંશ:

ભારતએ કૃષિ પ્રધાન દેશ છે અને ભારતમા ગ્રામીણ સમુદાયનો દેશ છે. અને આ ગામડાનવસ્તી કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. એટલે કૃષિ આજીવિકાનુ એક મહત્વનુ સાધન છે. વાસ્તવિક રીતે જોઇએતો સૌથી વધુ રોજગારીમા મળે છે પરંતુ દેશના કાચી ઘરગથ્થુ પેદાસમા કૃષિ ક્ષેત્ર નો ફાળો ઘણો ઓછો છે. કૃષિક્ષેત્રનો ફાળો 14.39 %, ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો 31.46% અને સેવાક્ષેત્રનો ફાળો 54.15% છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત એ ઝડપથી વિકસતુ રાજ્ય છે. ગુજરાતના આર્થિક વિકાસમા પણ કૃષિક્ષેત્રનુ ફાળો અગત્યનો રહ્યો છે. હરિયાળી ક્રાંતી બાદ નવી ટેક્નોલોજી, સુધારેલા બિયારણો સિંચાઇ તેમજ વિજળીની પુરતી સવલતોના લીધે કૃષિક્ષેત્રનુ વાણિજ્યકરણ થયુ છે.

પ્રસ્તાવના:

માનવ સભ્યતાના આરંભમા જીવનપ્રણાલિ બની રહેલી કૃષિનુ સ્વરુપ સમયની સામે ક્રમશ: બદલાતુ રહ્યું છે. કૃષિમા આવેલા આધુનિકીકરણ, જેને વાણિજ્યકરણ પણ કહી શકાય,કૃષિ ક્ષેત્રની કામગીરીનુ અન્નના સ્ત્રોત ઉપરાંત અર્થતંત્રના અન્ય ક્ષેત્રોમા ઉત્પાદન માટે કાચા માલની માંગ સંતોષનાર અન્ય ક્ષેત્ર તરીકે વિસ્તરણ કર્યું છે. ઉપરાંત કૃષિક્ષેત્રની પ્રવ્રુતિઓ માત્ર તે જ ક્ષેત્રમા આવક તથા રોજગારીનુ સર્જન કરવા પૂરતી સીમિત ન રહેતા, સમગ્ર અર્થતંત્રમા નવી માંગ ઉભી કરીને અર્થ તંત્રના અન્ય ક્ષેત્રોના–ઉદ્યોગો તથા સેવા વિકાસમા પરિણમે છે.આમ, સમાજની અન્નની માંગ,રોજગારી અને અને આવકનુ સર્જન કરનાર કૃષિક્ષેત્ર આર્થિક વિકાસને વેગ આપનાર મહત્વનુ પરીબળ બની રહે છે.

**Agriculture Growth Rate in Gujarat**

| year | % |
|---|---|
| 2001-02 | -11.52 |
| 2002-03 | 30.64 |
| 2003-04 | -6.43 |

| | |
|---|---|
| 2004-05 | 39.89 |
| 2005-06 | -6.76 |
| 2006-07 | 23.11 |
| 2007-08 | 7.48 |
| 2008-09 | -7.41 |
| 2009-10 | -0.50 |
| 2010-11 | 18.12 |
| 2011-12 | 5.70 |
| 2012-13 | -6.96 |
| 2013-14 | -13.79 |
| 2014-15 | 26.55 |
| 2015-16 | 0.01 |
| 2016-17 | -1.39 |

Source; RBI

90ના દાયકા પછી 2001-02 થી 2011-17 સુધીના દાયકા દરમિયાન ગુજરાતમા કૃષિવિકાસ દર 3.3% થી વધીને 11.1% થયો છે. હકીકતમાં, કપાસ, ઘઉં, ફળના પાક અને દૂધના ઉત્પાદને રાજ્યના અર્થતંત્રમાં કૃષિ વિકાસને ટકાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. 2001-2010 ના ગાળામાં ઉચ્ચ કૃષિ વિકાસે સિંચાઈમાં વધુ સારુ રોકાણ, વીજ પુરવઠોની ઉપલબ્ધતા, ટેક્નોલોજીનો સ્વીકાર અને ભૂગર્ભજળ દ્વારા મોટા પ્રમાણમાં સહાય આપવામાં આવી છે, અને લગભગ 15 લાખ હેક્ટર શુષ્ક જમીનને ખેતીલાયક જમીનમાં ફેરવાઇ છે.

## કૃષિક્ષેત્રનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ભૂતકાળમા થયેલા પરદેશી આક્રમણો અને અંગ્રેજ શાસનની સામે ભારતીય સંસ્કૃતિ તથા અર્થતંત્રને જાળવતી ભારતીય ગામડાઓની સ્વાયત્તતાએ, ગામડા તથા ગ્રામીણ પ્રજાને કૂપમંડૂક

બનાવવામા મહત્વનો ફાળો આપ્યો છે. સ્થાનિક સંશાધનો તથા પરંપરાગત ટેકનોલોજીનો ઉપયોગ કરી મેળવેલ ઉપજ સ્થનિક સ્તરે વેંચાતી. અનિશ્ચિત વરસાદ, આપખુદ રાજાઓ તથા અમાનુષી આક્રમકોએ કૃષિક્ષેત્રએ મૂડીરોકાણ અત્યંત મુશ્કેલ બનાવ્યુ. એક સમૂહ તરીકે ખેડૂત ગરીબ, દેવાદાર તથા સમાજ પરંપરાના દૃઢ બંધનોથી બંધાયેલ અને બાહ્ય પરિવર્તનોથી અલિપ્ત બની રહ્યો. અંગ્રેજોના આગમન સાથે ક્રુષિ વિરોધી વાતાવરણ સર્જાયુ. જમીનમાલીકી અને મહેસૂલની નવી વ્યવસ્થામા જમીનદાર અમાનવીય બન્યો. ઉપરાંત ભારતીય કાચો માલ સાનુકુળ વ્યાપાર શરતે અંગ્રેજ શાસનને પ્રાપ્ત થયો. બ્રિટનથી આયત થયેલ માલ સામે ભારતના કારિગરો ટકી શક્યા નહી. સ્વતંત્રતા બાદ ક્રુષી વિકાસ માટે ઘણા પગલાઓ લેવાયા. જેમા 1962 ના જમીનસુધારા તથા 1969ની હરિયાળી ક્રાંતિ મહત્વના બની રહ્યા. 1991મા આર્થિક સુધારાના સમયે ક્રુષિક્ષેત્રે મહદ્ અંશે ઉપેક્ષા કરાઇ.

દાયકાઓ પુરાણી બજારલક્ષી ક્રુષિની પરંપરાએ પશુપાલન, ડેરી તથા ખાદ્યતેલના ઉદ્યોગોનો પણ ઝડપી વિકાસ કર્યો. ક્રુષિક્ષેત્રનો વિકાસ અર્થતંત્રના વિકાસ માટે વ્યાપક આધાર પુરો પાડે છે. ક્રુષિ ઉત્પાદન આધારિત ઉદ્યોગોનો વિકાસ તેમજ ક્રુષિમાટે જરુરી તેવા બિયારણ, ખાતર, ખેતી ઓજારો તથા વિજળી જેવા નિક્ષેપોના ઉત્પાદનને વેગ આપતા ઉદ્યોગોના વિકાસ પર ભાર મુકવો જોઇએ.

VIDHYAYANA

## ગુજરાતની કૃષિનુ સ્વરુપ

ગુજરાત રાજ્ય નૈઋત્ય ચોમાસુ મેળવતા વિસ્તારના પરિસરમા આવેલુ તેમજ ભૌગોલિક રચનાના કારણે ચોમાસાનુ અનિયમિત વલણ ધરાવે છે. પરિણામે ગુજરાતની કૃષિને માત્ર એક મોસમનો, જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો વરસાદ પ્રાપ્ત થાય છે. રાજ્યમા વરસાદના પ્રમાણમા પણ મોટા તફાવત છે.અત્યંત અસ્થિરપણુ ગુજરાતના ચોમાસાની લાક્ષણીક્તા અને ગુજરાતની ક્રુષિની ચિંતા બની રહે છે. સમગ્ર રાજ્યમા ક્રુષિનુ સ્વરુપ વિસ્તાર વિશિષ્ટ છે. પાકની તરાહ વિસ્તારના ક્રુષિ-જલવાયુને અનુરુપ હોય તે સ્વાભાવિક છે. ક્રુષિ સાથે સંકળાયેલ પશુપાલન પણ મહત્વના ગૌણ વ્યવસાય તારીકે વિકસ્યો છે. દેશમા સૌથી વધારે તટિય વિસ્તાર ધરાવતા આ રજ્યે મત્સ્યવિકાસ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ સાધી છે. વરસાદની વિપુલતા ધરાવતા દક્ષીણ ગુજરાતમા જંગલોના પ્રમાણ તથા ગીચતા મહત્વ છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## કૃષિક્ષેત્રે જમીનધારકતા

કૃષિક્ષેત્રમા સરેરાશ ખેડાણ ઘટકના સંકોચાતા કદ માટે માત્ર આર્થિક જ નહી પરંતુ બિના આર્થિક પરિબળો પણ જવાબદાર છે, જેમા વસ્તીવૃધ્દ્ધિ, ક્રુષિમા ખંડ અને ઉપવિભાજન,અપર્યાપ્ત કૃષિ નિક્ષેપો, ક્રુષિ સિવાયના ઉદ્યોગોમા રઓજગારીની તકોનો અપુરતો વિકાસ તેમજ ક્રુષિવિરોધી સરકાર નીતિ અને શિથિલ અમલદારશાહી મહત્વના પરિબળો ગણી શકાય.

## ગુજરાતમા કૃષિ વિકાસનુ પ્રદર્શન

ક્રુષિમા વાણિજ્યકરણ તથા ક્રુષિ નિક્ષેપોની વપરાશમા પરિવર્તન પરસ્પર સંબંધિત છે. પાક તરાહમા પરિવર્તનની સાથે સિંચાઇ ઉપરાંત સુધારેલા બિયારણો, ખાતર તથા યંત્રોનો વધવા લાગ્યો છે. જુવારના અપવાદ સાથે ડાંગર, ઘઉં તથા મકાઇમા સુધારેલ બિયારણનો વપરાશ વધ્યો છે. હરિયાળી ક્રાંતિએ ક્રુષિમા યાંત્રીકરણ પણ વધાર્યુ છે.

**Plan wise Growth in Area, Production and Yield of Major Crops in Gujarat**

| યોજના | ક્ષેત્રફળ | ઉત્પાદન | પાક |
|---|---|---|---|
| વર્ષીય યોજના (1991-92) | -0.65 | -17.05 | -16.51 |
| 8મી યોજના | -0.06 | 3.73 | 3.79 |
| 9મી યોજના | -3.00 | -5.74 | -2.82 |
| 10મી યોજના | 5.27 | 20.54 | 14.50 |
| 11મી યોજના | 2.24 | 0.99 | -1.23 |

કૃષિક્ષેત્રના વિકાસનો સર્વસ્વીકાર્ય માપદંડ આ ક્ષેત્રનો વ્રુધ્દ્ધિદર છે. ગુજરાતની ક્રુષિના વિકાસને ત્રણ તબક્કામા વહેંચી શકાય. હરિયાળી ક્રાંતિથી 1991ના આર્થિક સુધારા વચ્ચેનો તબક્કો તથા 1991 બાદ ક્રુષિનો વિકાસ. હરિયાળી ક્રાંતિના કારણે ક્રુષિમા થયેલો નોંધપાત્ર વિકાસ નિર્વિવાદ છે. હરિયાળિ ક્રાંતિના પ્રારંભના ઉત્પાદન તથા ઉત્પાદકતાની તુલનામા આર્થિક સુધારાના સમયે તથા ત્યાર બાદ આવેલ પરિવર્તનો અંગેની આંકડાકીય માહિતીના આધારે કેટલાક તારણો મેળવી શકાય. ગુજરાતની પાક તરાહમા જુવાર અને બાજરી હેઠળના વાવેતર વિસ્તારમા થયેલા

ઘટાડાની પ્રક્રિયા આર્થિક સુધારાના સમયે તથા ત્યારબાદ પણ ચાલુ હતી. જેના કારણે આ બન્ને પાકના ઉત્પાદનના તથા ઉત્પાદક્તા બન્નેમા વધરો થયો છે.

કૃષિને સંલગ્ન ક્ષેત્રનો વિકાસ

દુનિયા તેમજ દેશમા કુષિની સાથે જ પશુપાલનનો વ્યવસાય પણ સતત વિકસતો રહ્યો છે. પરસ્પરને પુરક તેવા આ બન્ને વ્યવસાયોનુ ગ્રામીણ ક્ષેત્રે મહત્વ ઘણુ રહ્યુ છે. કુષિ પશુ આહાર પુરો પાડે છે, તો પશુ કૃષિની ઉત્પાદન પ્રક્રિયામા પશુશક્તિ તથા ખાતર તરીકે ઉપયોગી બને છે, ઉપરાંત રોજગારીની ઓછી તકો ધરાવતા વિસ્તારોમા પશુપાલન આવકનો મહત્વનો સ્ત્રોત છે.

દુધ ઉત્પાદનનો ઉંચો વ્રુધ્દિદર મુખ્યત્વે ખેડુતો તથા દુધ સહકારી મંડળી વચ્ચેના યોગ્ય સંકલનને આભારી છે. દુધ સહકારી મંડળીઓ દ્વારા દુધની કિંમત, ઓઅશુ તબીબનિ સેવા, ખાણદાણ, પશુ વેચાણ તેમજ અન્ય સેવાઓની નિશ્ચિતતાના કારણે દૂધ ઉત્પાદકોમા સલામતીની ભાવના જન્મે છે.પશુપાલનના વિકાસ માટે આ ક્ષેત્રમા સહકરી મંડળીઓના માધ્યમ વડે કરાયેલ સહકારી મૂડિરોકાણના કારણે વ્રુધ્દિની તકોનો વિસ્તાર પણ વધ્યો છે. પશુચિકિત્સાલયના માળખાની મદદથી પશુ આરોગ્ય સેવાઓ, ઘનિષ્ઠ પશુ સુધારણ ઘટકોની સહાય વડે ગાય તથા ભેંસની સુધારેલ ઓલાદની મદદ વડે દૂધ ઉત્પાદન તથા ઉત્પાદક્તામા વધારો કરવાની દિશામા સરકારી પ્રયત્નો રહ્યા છે.

કુષિક્ષેત્ર સમક્ષના પડકારો:

ગુજરાતના કુષિવિકાસ તથા કુષિ પરિસ્થિતિના સંદર્ભમા આ ક્ષેત્ર સમક્ષના પડકારો સ્પષ્ટ છે. કુષિ ઉત્પાદન તથા ઉત્પાદક્તાને અસર કરતા પરિબળો ત્રણ વિભાગમા વહેંચી શકાય.ટેક્નોલોજિકલ પરિબળો, સંસ્થાકીય પરિબળો તથા અન્ય પરિબળો; અન્યત્ર ઉલ્લેખનીય નહિ, તેવી કુષિકિંમત નીતિ અંગે એટલું કહી શકાય કે આર્થિક સુધારા બાદના સમયગાળામા કુષિની સાપેક્ષ કિમતો વધી છે, પરંતુ સાનુકુળ અસર કૃષિક્ષેત્ર પર નોંધાઇ નથી ટેકનોલોજિકલ પરિબળોમા સુધારેલા બિયારણ, રાસાયણિક ખાતર તથા દવાઓનો સમાવેશ થાય છે. પરંતુ ટેક્નોલોજિકલ પરિવર્તનોને શક્ય બનાવવા માટે પાણી પુર્વશરત બની રહે છે. કુષિક્ષેત્ર સામે કદાચ સૌથી મોટો પડકાર પર્યાપ્ત પાણીની પ્રાપ્તિ અંગેનો છે. કુષિક્ષેત્રના વ્રુધિદરને અસર કરતુ બીજુ પરિબળ સંસ્થાકિય છે જેમા ધિરાણ તથા વેચાન વ્યવસ્થાનો નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય પરિબળોમા કૃષિ માટે જરુરી આંતરમાળખાનો

વિકાસ તથા રાજ્યની રાજકોશીય બાબતોનો. ગુજરાતની કૃષિતરાહમા આવેલા વલણોનુ વિશ્લેષણ કૃષિના વાણિજ્યકરણનો નિર્દેશ કરે છે. ઉપરાંત ખાદ્ય પાકોમા પણ જુવાર તથા બાજરી જેવા પરંપ-રગત પાકોના સ્થાને ડાંગર તથા ઘઉં જેવા પાકોનુ વધતુ મહત્વ જણાવે છે. ડાંગર, શેરડી કે અન્ય અખાદ્ય પાકોમા પાણીની માંગ વધારે છે. પાણીની આ વધતી માંગને સંતોષવા મટે કરાયેલા વિવિધ પ્રયાસો ના કારણે માત્ર કૃષિ જ નહી , પરંતુ સમગ્ર પર્યાવરણ પર પ્રતિકુળ અસરો સર્જાઇ છે.

પાણીના ઉપયોગના કારણે જમીનની ગુણવત્તાને કારણે થયેલુ નુકસાન વિશેષ છે. વધારે વરસદ તથા પહાડી વિસ્તાર ઉપરાંત પાકની ઉંચી ઘનિષ્ઠતા ધરાવતા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ માટીના ધોવાણની સમસ્યાથી પીડાય છે. ઉકાઇ, કાકરાપાર સિંચાઇ ક્ષેત્રની બાવન ટકા તથા મહી સિંચાઇ વિસ્તારની પાસઠ ટકા જમીન, સિંચાઇ માટે વધારે પડતા પાણીના ઉપયોગના કારણે, દલ-દલ તથા વધતી ખારાશથી પ્રભાવિત થઈ છે. સિંચાઇની અતિ માંગે સર્જેલા ભૂગર્ભજળના દોહનના પરિણામે ગુજરાત રજ્ય જમીનની ખારાશના પ્રશ્નો વધતા-ઓછા અંશે સામનો કરી રહ્યુ છે. ઉપરાંત દરિયાકાંઠાની પટ્ટીમા દરિયામા ખારા પાણી અંદર આવી જતા સૌરાષ્ટ્રની કૃષિ સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમા ભૂગર્ભજળના તળ ઉંડે જતા ક્ષારનુ વધતુ પ્રમાણ જમીનની ઉત્પાદ-ક્તા ઘટાડે છે. આમ, રાજ્યની કૃષિ હેઠળની જમીનમાથી લગભગ 33 ટકા જમીન આવી એકાધિક સમસ્યાઓથી પ્રભાવિત છે.

VIDHYAYANA

પાણીના બિનાઅર્થિક તેમજ બિનટકાઉ ઉપયોગ ઉપરાંત કૃષિક્ષેત્ર રાશાયણિક ખાતર તથા દવાઓના અતિશય ઉપયોગના પ્રશ્નોનો પણ સામનો કરી રહ્યુ છે. પાકની વધેલી ઘનિષ્ઠતાએ કૃષિમા રાસાયણિક ખાતરનો ઉપયોગ વધાર્યો છે. સરકારની અયોગ્ય રાજકોશીય નીતિના કારણે રાસાયણિક ખાતરના વપરાશને પ્રોત્શાહન મળ્યુ છે. પરંતુ આ વપરાશ જમીનને જરુરી હોય તેવા તત્વો પૂરા પાડવાના સ્થાને જમીનની લાંબાગાળાની ફળદ્રુપતાને જોખમાવે તેવો છે. આ જ દલીલ જંતુનાશક દવાઓના ઉપયોગ માટે પણ કરી શકાય.

વર્તમાન સમયમા વિશ્વ સુધારેલા જનીનો ધરાવતા બિયારણો અંગેના વિવાદમા સપડાયેલુ છે. ગુજરાતમા પણ બીટી કપાસના આ પ્રકારે કરાયેલ ઉત્પાદન અંગે ચિંતાના સૂર વ્યક્ત થઈ રહ્યા છે. ટેક્નોલોજિકલ પરિબળો ઉપરાંત સંસ્થાકીય પરિબળોના સંદર્ભમા, ગુજરાતની કૃષિ સમક્ષ રહેલા પ્રશ્નો તપાસીયે. કૃષિ ધિરાણ અંગે સહકાર સ્તરે થયેલા પ્રયાસો છતા પણ સિમાંત તથા નાના ખેડુતો

સમક્ષ યોગ્ય સમયે ધિરાણ મેળવવામા મુશ્કેલીઓ છે. સરકારની નિયંત્રિત બજારની વ્યવસ્થાની સાથે સાથે ખાનગી વેચાણ વ્યવ્સ્થા પણ અસ્તિત્વ ધરાવે છે.આંતરમાળખાકીય સેવાઓના સંદર્ભમા વાહનવ્યવહાર, સંદેશાવ્યવ્હાર તથા ઉર્જા જેવા ક્ષેત્રોમા રાજ્યની કામગીરી સંતોષજનક રહી નથી.

કૃષિવિકાસની વ્યુહરચના:

ગુજરાતના કૃષિક્ષેત્રે ઉપસ્થિત થયેલ અને થઈ રહેલ પડકારોને પહોંચી વળવા વ્યુહરચના કેવી હોવી જોઇએ? સામાન્ય રીતે કૃષિ વિકાસમા ત્રણ વિકલ્પોનો સમાવેશ થાય છે. વિસ્તૃત કૃષિ, સઘન કૃષિ અને ટેકનિકલ પરિવર્તનો. આ ત્રણેય વ્યુહરચનાને ગુજરાતના સંદર્ભમા ચકાસીએ. સૌ પ્રથમ વાત વિસ્તૃત કૃષિના વિકલ્પની. સામાન્ય રીતે કૃષિ હેઠળ વધારે જમીનની પ્રાપ્તિ એટલે વિસ્તૃત ખેતી. ગુજરાતના કિસ્સામા જોતા જણાય છે કે રાજ્યમા કૃષિ હેઠળ નવી જમીન લાવવી મુશ્કેલ છે. સરકાર દ્વારા જમીનના જમીનના હસ્તાંતરણે અનેકવિધ પ્રશ્નો સર્જ્યા છે. કેટલાક સ્થળોએ જંગલ તથા ગૌચર જમીનોનુ હતાંતરણ કૃષિ માટે થતા, જીવનનિર્વાહ માટે સામુદાયિક જમીન પર આધાર રાખતા માનવી તેમ જ પશુઓની સ્થિતિ કફોડી બની છે. તો કેટલાક સ્થળો એ કૃષિ માટેની જમીન બિનકૃષિના હેતુ માટે હસ્તાંતરિત થતા કૃષિ હેઠળના વિસ્તારમા ઘટાડો નોંધયો છે.

કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિના પ્રારંભિક તબક્કામા સઘન કૃષિનુ આકર્ષણ વધેલ. એક જ જમીન પર વર્ષમા એકથી વધારે વખત પાક લઈને પાકની સઘનતા વધારી શકાય, પરંતુ અનુભવે સમજાયુ કે ઉત્પાદક્તામા ઘટતા દરે વ્રુધ્ધિ કરતી તેમજ કુદરતી સંશાધનો પર દબાણ કરતી સઘન ખેતી બિનટકાઉ છે.

કૃષિ સંશોધનમા બિયારણ તેમજ યંત્રો કેન્દ્રિત હોય તે જરૂરી છે. જે કૃષિની ઉત્પાદક્તા, આવક અને રોજગારી વધારવામા મહત્વપુર્ણ ભૂમિકા નિભાવે છે. રાજ્ય કૃષિ પાછળ જે ખર્ચ કરે છે તેમા વધારો કરવાની હજુ જરુરિયાત છે. ખાસ કરીને સિંચાઇ, વિજળી ઉપરાંત વિવિધ યોજનઓ પાછળ.

હરિયાળી ક્રાંતિના પ્રારંભિક લાભ ગુમાવી દીધેલ ગુજરાતમા કૃષિવિકાસ માટે કૃષિના સમગ્ર માળખાનુ પુન;સર્જન કરી કરવું. કૃષિક્ષેત્ર પાસેથી અપેક્ષિત તવા ગરીબી નિવારણ તથા આર્થિક

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

વિકાસ માટે જરૂરી માળખા અંગે યોગ્ય પરિપ્રેક્ષ્યમા સમજણ કેળવીને તેનુ વ્યવસ્થાપન કરવું તે વર્તમાન સમયના રાજ્યકર્તા, સમાજવિજ્ઞાનીઓ તથ વિજ્ઞાનીઓ સપક્ષ સાંપ્રત પડકાર છે

- **સાહિત્ય સર્વેક્ષણ**

1. ડૉ. ભલ્લા જી. એચ. (1974)

A study of the impact of green revolution in Haryana changing Agriculture sector in india.

ડૉ.જી.એસ. ભલલાએ ભરતીય કૃષિક્ષેત્રે 1966-67 થી દાખલ કરવામા આવેલ ટેક્નિકલ ઘટકોની કૃષિક્ષેત્ર પરની અસરો જાણવા માટે 1974 મા હરિયાણા રાજ્યમા કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિની અસરો તપાસવા માટેનો સંશોધન હાથ ધર્યો હતો. તેમના આ સંશોધન અભ્યાસને અંતે તેઓ ટેક્નિકલ ઘટકોની ખેત ઉત્પાદન આવક અને ખર્ચ ઉપરની અસરોના તારણોના સંદર્ભે જણાવે છે કે હરિયાણા રાજ્યમા નવી ટેક્નોલોજીને કારણે કૃષિ ઉત્પાદનમા વધારો થયો છે. કૃષિક્ષેત્રે લેવામા આવતા દરેક પાકના ઉત્પાદનમા વધારો થયો છે. અન્ય નિપજકો પાછળ કરવામા આવતા ખર્ચ કરતા ટેક્નિકલ પરિબળોના નિપજકોથી પ્રાપ્ત થતી આવકનુ પ્રમાણ વધુ જોવા મળ્યુ છે. જેથી ખેડૂતોના વળતરમા વધારો થયો છે. મોટા કદના ખેતરોના કુલ ઉત્પાદનમા સવિશેષ વધારો થયો છે. ટેક્નોલોજીનો ઉપયોગ કરેલ ખેડુતોની આવકમા પણ અન્ય ખેડુતોની આવકની તુલનામા વધારો થયો છે.

2. અભાટિયા મહેન્દ્ર સિંઘ (1983)

A study of cropping pattern and resource use under new technology and traditional practies of farming in district Kanpur (U.P)

ઉતરપ્રદેશના કાનપુર જિલ્લાના ખેતરમા ખેડુતોના પાકની વાવણી અને નવી ટેક્નોલોજી તથા પરમ્પરાગત ઢબની ટેક્નોલોજીની ઉપયોગિતા પરના સંશોધન અભ્યાસના આધારે જણાવે છે કે પરમ્પરાગત ખેતીનો અર્થ આર્થિક ક્રિયાઓના ફેલાવા દ્વારા ખેતરમાથી ઉત્પાદનમા થતો વધારો અને તેને આધારે આવકમા થતો વધારો જ્યારે નવી ટેક્નોલોજીનો અર્થ આર્થિક પ્રવૃતિઓ દ્વારા વધારે ઉત્પા-દન આપતા નિપજકો જેવા કે સુધારેલી જાતોના બિયારણ, રાસાયણીક ખાતરો, જંતુનાશક દવાઓ, સિંચાઈ અને ટેક્નિકલ માહિતી કે જે દરેક ક્ષેત્રમાથી ઉત્પાદનમા વધારો કરે છે. અને જ્યા કૃષિ માળ-

ખુ અને કૃષિ માટેની પદ્ધતિ વ્યાપારી માળખા પર આધારિત હોય છે. નવી ટેક્નોલોજીથી પરમ્પ-રાગત ઉત્પાદન પદ્ધતિની તુલનામા ઉત્પાદનમા ઉત્પાદક્તામા ખેડુતોને નફામા વધારો થયો છે. જેથી નવી કૃષિ નિપજકો ઉપર ખેડુતો પોતાનુ રોકાણ વધારી શકે છે. જેથી ઉત્પાદન વ્રુધ્ધિની એક નવી સાઇકલ શરુ થાય છે.

3. ઝાલા સી. એસ. (2010)

“હરિયાળી ક્રાંતીની ખેડુતોની આર્થિક સ્થિતિ પરની અસરો અને પરિણામો સુરેન્દ્રનગરના જિલ્લાના સંદર્ભમા એક અભ્યાસ”

સૌરાષ્ટ્ર પ્રદેશના સુરેન્દ્રનગર જીલ્લામા હરિયાળીક્રાંતીની ખેડુતોની આર્થિક સ્થિતિ પર થયે-લી અસરોનો અભ્યાસ કરેલ છે. આ જીલ્લામા હરિયાળીક્રાંતીના ઘટકોના ઉપયોગથી જુના નિપજકો કૃષિક્ષેત્રમાથી અદ્રશ્ય થયેલા જોવા મળે છે તેમજ પરંપરાગત ખેતીનો અંત આવ્યો છે. અને ખેતી વ્યાપારી ખેતી બની છે. રોકડીયા પાકોનુ ઉત્પાદન વધ્યુ છે, ગુણવત્તામા સુધારો થયો છે આ જીલ્લા ના કુલ વાવેતરના 92% વિસ્તારમા હરિયળીક્રાંતીના ટેક્નિકલ ઘટકો અને સંસ્થાગત ઘટકોનો પ્રસાર થયેલો છે. આ ઘટકોના પ્રસારના લીધે ઉત્પાદન અને ઉત્પાદક્તામા વધારો થયો છે. જેના લીધે ખેડુતો ની આર્થિક પરિસ્થિતિમા સુધારો થયો. આમ છતા આ ઘટકોના ઉપયોગ મોટા ખેડુતો જ કરી શક્યા. નાના અને સિમાંત ખેડુતોને આ ઘટકોના લાભ બહુ મળ્યો ન હતો.

4. પંડ્યા સંજય (2008)

“ક્ષાર પસારણ અને કૃષિક્ષેત્ર પર થયેલ અસર સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તાર પરનો એક અભ્યાસ”

સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પરના વિસ્તારમા ક્ષાર પસારણ અને કૃષિક્ષેત્ર પરની અસરો તપાસવા માટે સંશોધન અભ્યાસ હાથ ધર્યો હતો. તેમના આ સંશોધન અભ્યાસના અંતે એવા તારણો નીકળ્યા છે કે જળસંચાલનના અભાવે ક્ષારપ્રસારણની સમસ્યા સર્જાણી છે. જે ખેત ઉત્પાદન માટે વધુ ગંભીર સમસ્યા ચી. ખારા પાણીને લીધે પાકની તરેહ મર્યાદિત બને છે. પાક ખરીફ (ચોમાસુ) વાવેતર દ્વારા જ લેવામા આવે છે. ખારા પાણી વાળા વિસ્તારોમા સિંચાઇના અભાવે રવિ (શિયાળુ) મોસમમા 54.07% અને ઉનાળુમા 86.10% જમીનનો ભાગ પડતર રહે છે. ખારા પાણીને લીધે કપાસ ઘઉં, કઠોળ, જુવાર, બાજરી, શેરડી, કેળા, શાકભાજી, કેરી, ચીકુ, નાળિયેર ઓછા થાય છે.

5. બંશી પટેલ અને ડૉ નારાયણ બસર (2015)

પ્રસ્તુત પેપર ગુજરાતમાં કૃષિ વિકાસ અને ઉત્પાદનના પ્રવાહોની કામગીરીની તપાસ કરે છે. આ પેપરમાં છેલ્લા ત્રણ દાયકામાં ગુજરાતમાં કૃષિ વિકાસ દર અને વિવિધ પાકના ઉત્પાદનમાં વિવિધતા દર્શાવવામાં આવી છે અને તે સમયગાળા દરમિયાન ગુજરાત કૃષિની કામગીરીને પણ પ્રકાશિત કરે છે. વર્તમાન પેપર મુખ્યત્વે મધ્યક, પ્રમાણીત વિચલન, સહસંબંધ જેવા આંકડાકીય સાધનોની મદદથી ગૌણ સ્ત્રોતો પર કેન્દ્રિત છે. કૃષિ એ ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે. અર્થ તંત્રના સર્વાંગી વિકાસ માટે કૃષિ વિકાસ એ આવશ્યક ભાગ છે. ભારતની મોટાભાગની વસ્તીને કૃષિ લાભદાયક રોજગાર અને આજીવિકા પ્રદાન કરે છે. આઝાદી વખતે ભારતની લગભગ 72% કાર્યકારી વસ્તી કૃષિ પ્રવૃત્તિમાં રોકાયેલી હતી અને ભારતના કુલ જીડીપીમાં કૃષિ અને તેની સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓનો હિસ્સો 51.45% હતો. 2011ની વસ્તી ગણતરી મુજબ 68.8 % કાર્યકારી વસ્તી હજુ પણ કૃષિ પ્રવૃત્તિમાં રોકાયેલા છે. અને કૃષિ અને તેનાથી જોડાયેલ પ્રવૃત્તિઓનો હિસ્સો કુલ જીડીપી ના માત્ર 14% જેટલો હતો.

6. દિપક કુમાર બેહરા (2015)

11 મી પંચવર્ષીય યોજનાની શરૂઆત થઇ ત્યારથી સંકલિત વિકાસ અભિગમ અસ્તિ ત્વમાં આવ્યો છે અને તે ભારતમાં ભાવિ કૃષિ વિકાસની ટકાઉતાને નિર્ધારિત કરવાના નિર્ણાયક પાસા તરીકે રહેશે. કૃષિ વિકાસ એ સમાવિષ્ટ વૃદ્ધિ અભિગમનો મહત્વપૂર્ણ ઘટક છે. આ કાગળનો વ્યાપક ઉદ્દેશ કૃષિ વિકાસ અને કૃષિ ક્ષેત્રની વૃદ્ધિ આધારિત ગ્રામીણ પરિવર્તન દ્વારા વ્યાપક વિકાસ ને જોડવાનો છે.આ પેપર મા જોવા મળ્યુ છે કે 2001-02 થી 2010-11 દરમિયાન ભારત કરતા ગુજ-રાતમા કૃષિક્ષેત્રમા વધુ વૃદ્ધિ થઇ છે.આ વધારો કપાસ અને ઘઉંના વધુ ઉત્પાદનના કારણે જોવા મળે છે. આ ઉપરાંત કેટલાક બાહ્ય પરિબળોની પણ અસર જોવા મળી છે.જેમકે કુલ પાક અને ચોખ્ખો પિયત વિસ્તારમા વધારો, રસયણિક ખાતરના વપરાશમા વધારો અને આધુનીક કૃષિ સાધનોનો ઉપયોગ વગેરે.

7. નિતિ માથુર અને એસ.પી. કષ્યપ (2000)

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

ગુજરાતના અર્થકારણમાં કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ પૂર્વે અને હરિયાળી ક્રાંતિ પછી ઉત્પાદન અને ઉત્પાદકતા ક્ષેત્રે જે પરિણામો જોવા મળ્યા છે લેખમાં સંશોધન એક વિશ્લેષણ આંકડાકીય તેનું . ક્ષે કૃષિ અને ફેરફારો મળેલ જોવા તેમાં,તરેહ વિકાસની કૃષિ તજજ્ઞોએ બંને આ કરીનેત્રે માળખાકીય મૂડીકરણની વિશેષતા અને મર્યાદાઓની તલસ્પર્શી છણાવટ કરી છે.

સંદર્ભ સુચી

1) દિપક કુમાર બેહરા (2015) 'A study of Agricultural development in Gujarat and India Since-2000'

Directorate of Economy And Co-operation Ministry of Agriculture. Government of India.

2) રવીન્દ્ર ધોળકિયા (2007) 'Sources of Economic Growth and Acelaration in Gujaraat'

Economic and Political Weekly, Flight.42, no.9, PP 770-778

3) પ્રો. ડૉ. લૂબના આઇ. શેખ (2019)

'ગુજરાતમા ખેતી' અર્થસંકલન અંક 602

4) નિતિ માથુર અને એસ. પી. કશ્યપ (2000) 'Agriculture in Gujarat: Problems and Prospects'

Economic and political weekly 35 (35)

5) ડૉ. નિમિષા શૂક્લ (2002) 'ગુજરાતમા કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો'

ગુજરાત એક સરવૈયુ . સંપાદન દિગંત ઓઝા અને ડૉ. સુદર્શન આયંગર

6) બંશી પટેલ (2015).An Economic Analysis of Trends in Agriculture Growth and Production in Gujarat.

7) Socio-economic review of Gujarat